

ગુણાતીત જ્યોત

જાગૃતિ પર પરબ્રહ્મનાં જોડાયું તેર સાપ્તાહિક કલ્લોલ.





વર્ષ ૫૬, અંક : ૧૧, તા.૨૧મી નવેમ્બર, ૨૦૨૬, સંવત - ૨૦૮૩ કારતક સુદ - ૧૧, શનિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦

તા.૧૮.૧૦.૨૦૨૬ – 'શાશ્વત સંકલ્પ પર્વ' પ્રારંભે યજ્ઞ...













યજ્ઞમાં આહુતિ અને પ્રાર્થનાભાવો અર્પણ...











શરદપૂર્ણિમા : શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યદિનની ઉજવણી...













કીર્તન આરાધના...





ગુણાતીત જ્યોત

જગતકલ્યાણ અર્થે અક્ષરધામનું ઓકાપું તેજ સાપ્તાહિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

સ્વાધ્યાય સંદેશ

પંચામૃત : ૪ સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.
- ગુરુહરિ પપ્પાજી મહારાજ



શ્રીજી રસામૃત

'... આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી પર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે...'

(વચ.વડતાલ ૧૯)



શ્રી અક્ષર બ્રહ્મરસ

પૂર્વનો સંસ્કાર હોય, પણ ઊતરતો સંગ મળે તો સંસ્કાર ટળી જાય. ને સો જન્મે સારો થવાનો હોય તેને રૂડો સંગ મળે તો તરત સારો થઈ જાય.

(સ્વામીની વાતુ પ્રક.૫ની ૪૧મી વાત)



દિવ્યામૃત

આ સ્થાન, આ સત્સંગ, આ હરિભક્તો મહા અલૌકિક છે. અહીં મહિમા સમજી સેવા કરે તો એ સત્કર્મ થઈ જાય.

(તા.૩૦.૧૨.૧૯૫૮)

અનુક્રમણિકા

સ્વાધ્યાય સંદેશ...	૫	પરમની આરાધના...	૧૦
ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદ	૬	શાશ્વત સંકલ્પ પર્વે...	૧૧
પપ્પાજીની પરાવાણી...	૭	શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...	૧૨
પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિને...	૯	સત્સંગ સમાચાર...	૧૪



૨૧/૧૧/૨૬

પ્રિયાનકાકુ

ગુણાતીત જ્યોતના
મુખ્તાકિર તુષારભાઈ

મારો જન્મદિવસ.

સર્વ પ્રથમ પ્રણામ.

આ વખત આ વર્ષના જન્મદિવસની મજા માણી. તો નવા લોકો વિશે જાણવા મળ્યું. ઘણા વર્ષો પછી આવો દિવસ આવ્યો તો મહારાજ રાજી થાય. મોટા રાજી થાય. બસ્સો વર્ષ રાજી થવાય –

પ્રણામ વર્ષ સાથે ન આપે દેવી છે. નવા દિવસો આદર સત્કારના તો વર્ષ માટે Fish રહે તમ તણી વર્ષ તણા તેમ.

God will take care of
Such body & Soul.

પ્રણામ



પપ્પાજીની પરાવાણી...

ખૂબ ખૂબ આનંદની વાત છે કે ૧૯૬૩માં આપણે ગણેશપુરીમાં શિબિર કરેલી. ત્યારે આપણને ખબર નહોતી કે ભગવાન ભજવા અને ભજાવવા એટલે શું ? પણ જોગીબાપાના વિશ્વાસે અને શ્રદ્ધાએ ઝંપલાવ્યું. આ જે મળ્યા છે તે મહારાજનું સ્વરૂપ છે. ને તેમની પાસે અભીપ્સા રાખી હતી કે, તમારે જેવું કરાવવું હોય તે કરાવજો. શું કરાવશે તેવી તે દિવસે ખબર નહોતી. બસ એમનામાં શ્રદ્ધા હતી કે મળ્યા છે તે પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ છે. એટલે તે ગુણાતીત બનાવીને જ ઝંપશે. ને ખરેખર યોગીજી મહારાજે કરી આપ્યું.

પોતે વચનામૃત લખીને મોકલ્યા. એ વચનામૃત પ્રમાણે આપણે શિબિર કરી. એ આખું અઠવાડિયું તો આપણે અક્ષરધામની સમાધિમાં જ રહ્યા. નાના બાળકો ને ગૃહસ્થો આવેલા. બધાના નામ લખ્યા'તા. અને તે વખતે સંકલ્પ કર્યો હતો કે જે કોઈ ભજે છે એ એકાંતિક ધર્મ સિદ્ધ કરે. ગુણાતીતભાવમાં રહેતો થઈ જાય. હું ગુણાતીત છું તેવું મનાય. અને આપણે જોઈએ છીએ કે, હું ગુણાતીત છું એવું ખરેખર મનાઈ ગયું.

ગુણાતીત સમાજ સાથે જોડાયેલા બધા માટે આજે સંકલ્પ કરીએ. જોગીબાપાએ વચન આપેલું કે, વચ.કા.૫ પ્રમાણે જે જે સંકલ્પ કરીએ તે પૂરા કરવા ભગવાન આવ્યા છે. તો તમે જેવા સંકલ્પ કરો એવા એ પૂરા કરે એવું બાપાએ કરી આપ્યું. આપણે એકાંતિકપણું સિદ્ધ કરવું. ને અત્યારે એવા બહેનો, ભાઈઓ તૈયાર થઈ ગયા. તે એકાંતિક બનીને અનેકને ટાઢું કરે છે. અત્યારે તો ચારેય બાજુ માહાત્મ્ય ઉછળી રહ્યું છે. વચ.છે.૧૧ પ્રમાણે આપણે બધા લઈ મંડ્યા છીએ. આપણું રુંવાડે રુંવાડું ધામરૂપ રહેતું થઈ જાય, ૫૧ ભૂત વચ.ગ.મ.૪૫ પ્રમાણે રહેતા થઈ જાય. એ માટે આપણે દાખડો કરી રહ્યાં છીએ. અમે અને આ સ્વરૂપોએ બધાને મહારાજનું સ્વરૂપ માનીને સેવી લીધા. અને કોઈનોય અભાવ લીધો નહીં. સેવા જ કર્યા કરી અને ભજન કર્યું તો ગુણાતીત સમાજ સ્થપાઈ ગયો.

જ્યાં સુધી આપણું અંતર શુદ્ધ ના થયું હોય ત્યાં સુધી ગુરુહરિની, ગુરુની અનુવૃત્તિ ખબર ના પડે. એટલે જાગ્રતતા રાખીને મંડીએ. યોગ અને સાંખ્ય, પંચરાત્ર ને વેદાંત આ ચારેય શાસ્ત્રે કરીને ભગવાનનું સ્વરૂપ ઓળખતા થઈ ગયા. તો હવે અક્ષરધામની સમાધિનું સુખ સહજ ભોગવતા થઈ જઈએ. તે માટે એક વાતનું ધ્યાન રાખીએ કદીય કોઈની જોડે સરખામણી કરશો નહીં. મૂંઝવણ સરખામણીને લીધે છે.

કંઈપણ બને તો જપયજ્ઞ કરીએ. ૧૯૬૬માં અહીં આવ્યા ત્યારે માયા ચારેય બાજુથી કૂદતી હતી. પણ ભજન કર્યું તો બધું પાર પડી ગયું. કાળ, કર્મ, માયા બધાના અનુભવ આપણે કર્યા. તો એ યાદ રાખીએ, નોંધીએ, નોટમાં લખીએ. વાંચીએ તો ટાણે જાગ્રત રહેવાશે. આ બધા સ્વરૂપોના અનુભવો ગોખી રાખો કે, મને પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ મળ્યા છે. વચ.ગ.પ્ર.૬૨, પ્ર.૨૩ જેવા મળ્યા છે. મારે મૂંઝવણ કે

દુઃખ હોય નહીં. હું ભગવાનને પ્રાર્થના કરીશ. તે જરૂર મારું સાંભળશે. આ જસુબેને, મણિબેને સંકલ્પ કર્યો કે, મારે બહેનો જેવા સત્સંગી થવું છે. તો મંડ્યા ને એકાંતિક થઈને ઊભા રહી ગયાં. ક્યાં ગૃહી-ત્યાગીનો મેળ રહ્યો ? જે જેવો સંકલ્પ કરે તેવો સિદ્ધ થાય. અત્યારે તો આખા ને આખા કુટુંબ એવા પાકી ગયા. એક એક સત્સંગી માહાત્મ્યમાં નિરંતર રહેતા થઈ ગયા.

આજે આપણે ફરી સંકલ્પ કરીએ. આપણે આ બધા સ્વરૂપોની જેમ અક્ષરધામની સમાધિમાં નિરંતર રહેવું છે. આપણે તે દા'ડે તો સંકલ્પ કરેલો. અત્યારે બીજો સંકલ્પ કરીએ. તે દા'ડે દ્રષ્ટા સ્થપાયો એ પૂર્ણાહુતિ. પછી જેને જગત ભોગવવું હોય એ ભોગવ્યા કરે ને ! જગતનું ભોગવશો તો ય મરણ આગળ અડધી ઘડીએ ભગવાન આવીને ઊભા રહેશે. પણ આપણે અત્યારે બા, બેન, હરિપ્રસાદ, અક્ષરવિહારી, સાહેબ, ભાઈ જેવા અને જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન, જસુબેન, પદુબેન જેવી અક્ષરધામની સમાધિમાં નિરંતર રહેવું છે. તો આજે સંકલ્પ કરીએ છીએ કે,

હે મહારાજ ! જે કોઈ સ્થિતિ કરવા માગે, વચ.છે.૨ જેવી, વચ.ગ.મ.૧૩ જેવી કે વચ.ગ.છે.૨૬ જેવી કે વચ.ગ.પ્ર.૨૭ જેવી સ્થિતિએ જવા માગે એવી સ્થિતિ બધાને પ્રભુ સુખે સુખે અને શાંતિથી કરી આપે. આ માટે બધા જ ગુરુ સ્વરૂપો રોજ પાંચ માળા ફેરવે.

આજે હું સંકલ્પ કરાવું છું તે પહેલાં સાક્ષાત્ યોગીબાપાનો અંતરથી ખૂબ ખૂબ આભાર માનીએ. નહીં તો કૃતઘ્ની કહેવાઈએ. એમના સંકલ્પે આપણે આ સિદ્ધ કરી શક્યા છીએ. સુખ લઈ રહ્યાં છીએ. તેમણે એકપક્ષીય શ્રમ ને સંકલ્પ બેય કર્યા તો આજે આપણે ભગવાન ભજતા ને ધારતા થયા. છતદિહે અક્ષરધામના સુખ, શાંતિ ને આનંદ ભોગવતા થયા. જોગીબાપાનો સંકલ્પ આજે પણ ચાલુ જ છે. જ્ઞાની-અજ્ઞાની સૌ કોઈને મારું સ્વરૂપ ઓળખાવ. આ જાતનો સંકલ્પ કરીને બાપા પ્રગટ થયા ને તેમના જેવા ને જેવા ગુણાતીત સ્વરૂપો આપણને આપી દીધા. એ જોગીબાપાના આપણે ખૂબ ઋણી છીએ.

સંકલ્પ :

હે મહારાજ ! હે સ્વામી ! હે પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપો !

૧. અમે ગુણાતીત સમાજના અલ્પ સંબંધવાળાનેય બ્રહ્મનિયંત્રિત માની તેમની સેવા સ્વધર્મેયુક્ત પ્રભુનું જ સ્વરૂપ માની માહાત્મ્યેયુક્ત કરીશું. ને તેમાં જોગીબાપાની સ્મૃતિ યાદ રાખીશું કે જેમ બાપાએ શાસ્ત્રીજી મહારાજના અલ્પ સંબંધવાળાની સેવા શાસ્ત્રીજી મહારાજનું જ સાક્ષાત્ સ્વરૂપ માનીને જીવનભર કર્યા કરી ને સંકલ્પે કરી આખો ગુણાતીત સમાજ સ્થાપી દીધો. તેમ અમે પણ આપને હાશ થઈ જાય તેવું જીવન જીવીએ.

૨. અમે પળેપળ પ્રભુથી ભર્યા રહી તેમની જ ભક્તિરૂપ હોય તેવા જ વિચાર, વાણી, વર્તન કરીએ.

૩. અમે નિરંતર આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં સૌ પળે સર્વ પ્રસંગે રાખીએ.

૪. કોઈપણ પ્રસંગે ગુણ વ્યાપી જાય અને સ્વધર્મ ચૂકી જવાય તો તેના પ્રાયશ્ચિતરૂપે ૧૫ મિનિટ ધૂન કરી લઈ તે માફ કરાવીએ.

૫. બાપાની ચૈતન્યશુદ્ધિની લીલા નિરંતર મનાયેલી ન રહે ત્યાં સુધી 'ગુણાતીત જ્ઞાનના નવનીત' પ્રમાણે વર્તવા જાગ્રત રહી મંડીએ.

૬. 'ઉગતી પ્રભાએ...' 'અંતરથી અંતર ટળે...' વાળા ભજન અને સંજીવની મંત્ર નિરંતર નજર સમક્ષ આપણા આદર્શ તરીકે રાખીએ.

૭. પ્રભુને વચ.ગ.પ્ર.૬૨ ને વચ.ગ.છે.૩૦ જેવા દિલથી માની, તેમને કર્તાહર્તા માની હરેક પ્રસંગે તેમને જ ઉપાયભૂત કરતા થઈએ.

૮. બાપાની શતાબ્દી ને પપ્પાના અમૃતપર્વ સુધી પોતાના તરફ સાધુની દ્રષ્ટિ અને બીજા બધા તરફ ભગવાનની દ્રષ્ટિ રાખી જીવવા જાગ્રતતા રાખી મંડીશું.

૯. પ્રભુનું બળ ને કૃપા મેળવવા સદાય રાંક રહી ગરજુ બની સેવા કર્યા કરીશું. ને દિવ્યભાવ રાખી ખમવા માટે પ્રભુનું બળ લઈને મંડીશું.

બાપા સૌને સુખ, શાંતિ ને આનંદપૂર્વક સ્થિતિ કરાવી આપે તેવી પ્રાર્થના. (તા.૧૯.૧૧.૧૯૮૭)



પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિને...

પ.પૂ.જસુબેન એટલે માહાત્મ્ય અને શ્રદ્ધાનું સ્વરૂપ. સુહૃદ સ્વરૂપ. આત્મીય સ્વરૂપ, નિષ્પક્ષ, નિરપેક્ષ પ્રેમ પ્રદાતા.

ગૃહી – ત્યાગી સૌના આદર્શ સ્વરૂપ પ.પૂ.જસુબેનને પ્રત્યક્ષ નરતનધારી પ્રભુધારક ગુરુહરિ પપ્પાજી મહારાજ મળ્યા, મનાયા ને સમર્પણભાવ તેમનામાં જાગ્યો. ગુરુહરિ પપ્પાજી મહારાજની વ્યાપકતા અને કર્તાહર્તાપણાનો સ્વીકાર વિચારી, વાણી, વર્તને થયો.

પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.તારાબેન, પ.પૂ.હંસાદીદી અને પ.પૂ.દેવીબેન ચારેય બેનોનાં જીવન, ધ્યેયલક્ષી વર્તન અને પ્રાપ્તિની ઝંખના નિહાળી, એમનું જીવનધ્યેય પણ પ્રભુ પ્રાપ્તિ બન્યું. અંતરની અધ્યાત્મ શૂરવીરતા જાગ્રત થઈ.

'આ પ્રાપ્તિ હોય નહીં' એવો અસીમિત અહોહોભાવ અને પ્રાપ્તિની ગરિમા, શ્રદ્ધા અને વિશ્વાસના પરિણામે, ગમે તેવા અકલ્પ્ય ઝંઝાવાત સાધના દરમ્યાન આવ્યા તેમાં કેવળ પ્રભુનો જ ભજનનો જ આશરો – રાખી, જંગ જીતી ગયા. અદ્વિતીય આધ્યાત્મિક સમજણ અને આત્મબુદ્ધિ દ્વારા પામી ગયાં ને સૌને પમાડી ગયાં.

સંબંધનો અજોડ મહિમા. મારા પ્રભુના એ બધા મારા. ક્યાંય ભેદભાવ નહીં. બધાને જોઈને આંખડી હસી ઊઠે. ઓહો ! મારા આરાધ્યની દ્રષ્ટિવાળા – સંબંધવાળા! એ બહુ મોટા. એને માટે શું ન થાય !! માત્ર વાચ્યાર્થમાં નહીં, પણ પ્રેક્ટીકલ વર્તનમાં અનુભવાય. સૌને તેમના નિષ્કામ, નિસ્વાર્થ પ્રેમ, વાત્સલ્ય અને દિવ્ય મમત્વનો અનુભવ થાય. માની ગોદમાં બાળ કેટલું નિશ્ચિંત હોય તેમ અંતર ખોલવાનું મન થઈ જાય. અરે ! ખુલી જ જાય. સામા ચૈતન્યએ કાંઈ બોલવું કે કહેવું ના પડે. આ મા અંતરને વાંચીને સામેથી કહે તેમાં તેને અનુભૂતિ થાય કે વગર કહે મારી મૂંઝવણનો જવાબ આપી દીધો. તેમની વાતો અંતર તિમિર ટાળે તે ચૈતન્યને પ્રભુના મહિમાની, પ્રભુની સામર્થીની અને તેનાં કાર્યની તથા આ પ્રભુ પ્રાપ્તિ એટલે અહોભાગ્ય, નસીબદાર ! તેવી કેફભરી વાતોથી ભરી દે અને તે સામેનું ચૈતન્ય પોતાનામાંથી બહાર આવી જાય.

તેમનાં જીવનના પ્રત્યેક પ્રસંગે આપણને દર્શન થાય કે પ્રેમ અને પ્રાર્થનાનો જ ઉપાય લઈ બાજી જીતી ગયાં. પ્રાપ્તિનો કેફ ક્યારેય ઓછો થવા ન દીધો. સદાય ગુણગ્રાહી દ્રષ્ટિ રાખી. ગમે તેવી પરીક્ષામાં પ્રત્યક્ષ સ્વરૂપ પ્રત્યેની નિષ્ઠા અને નિર્દોષબુદ્ધિ અચલ રહી.

આશ્રિત ચૈતન્યોનું દિન-રાત જોયા વગર ભજન, પ્રાર્થના કરી જતન કર્યું. પ્રત્યેક કથાવાર્તામાં પ્રભુનું કર્તાહર્તાપણું અને સ્વભજન કરવાનો જ નિર્દેશ કર્યો છે. જેથી આજે પણ સૌ આશ્રિતોની અનુભૂતિ કહે છે – જસુબા એટલે જસુબા. મારી સાથે જ છે. મારી રક્ષામાં છે જ. અને મારા અંતરમનમાં રહી પથદર્શન કરાવ્યાં જ કરે છે.

પ.પૂ.જસુબેનને દરેક સ્વરૂપોનું ખૂબ માહાત્મ્ય. દિલથી સ્વીકારી સાચા હૃદયે, ખુલ્લા મને મહિમા ગાય. હંમેશા કહે કે, 'આ બધાને તો પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી

મહારાજ નિજ કાર્ય કરાવવા, અક્ષરધામમાંથી પોતાની સાથે લઈને આવ્યા છે. ખૂબ મોટા છે. ઓળખી લ્યો ને મહિમા સમજી લ્યો. આ દેહ છતાં જ મળ્યા છે તો તેની રુચિમાં ભળી, પ્રાપ્તિ કરી લ્યો.' આમ અંતર ગુહામાંથી મહિમા ગાઈ સાચા રસ્તે મૂકી દે.

પોતાને જે કાંઈ પ્રાપ્ત થયું કે સાધનાની સૂઝ મળી તે પ્રત્યેક વાતને વારંવાર વાગોળી, ભજનમાં ઢાળીને સાધકોને પથદર્શન કરાવ્યું છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજના પ્રત્યેક લીલાચરિત્રોને વારંવાર સંભારે, દિવ્યતા અનુભવે. નિત તેમાંથી નવીનતાના દર્શન કરે અને કરાવે. ગુરુહરિ પપ્પાજી મહારાજ દ્વારા લખેલ પત્રો અને લેખનું વાંચન પ્રતિદિન કરવા છતાં નિત નવીન ઉત્સાહથી તેનો સ્વાધ્યાય કરે. એમાંથી નિત્ય પ્રત્યે અજોડ પ્રકાશને અનુભવે. અંતરે સ્ફુરણા થાય કે 'ખરાં પપ્પાજી ખરાં' આ મને મળ્યા!! આપણને મળ્યા !! સાચે જ આ પ્રાપ્તિ થઈ !? પોતે એ અનુભવે અને આશ્રિતોને સમજાવે કે – 'આવી તક તો આવે ન ફરી, પ્રત્યક્ષ પ્રભુએ કૃપા કરી...' એ સુખ અંતરથી માણે. કૃપાનીરમાં ભીંજાય અને આંતરિક આધ્યાત્મિક સુખની શીતળતા અનુભવવા અપીલ કરે. સાધનાની સરળતા માટે હંમેશા કહેતાં કે,

પ્રભુની મૂર્તિ ધારતા થઈ જાવ.
સેવા, મહિમા અને પ્રાર્થનાને જીવનું જીવન બનાવો.
પ્રભુના – પ્રત્યક્ષના માથે પડતા થાવ.
સકારાત્મક જ વલણ કેળવો.

'હા' જ કહેતા થઈ જાવ. તો પ્રભુ તમારી રુચિ અને અભીપ્સા જોઈને તમને વરણીય થઈ જશે. આમ ચૈતન્યમાં ઉત્સાહ જગાડે. બાંહેધરી આપે.

પ.પૂ.જસુબેન દ્વારા જે કોઈ સત્સંગના રંગે રંગાયા તે સર્વને આ જોગી સ્વરૂપ ગુરુહરિ પપ્પાજી મહારાજનો, જ્યોતના બહેનોનો મહિમા, સેવાનો મહિમા સમજાવી સેવા કરતાં કર્યા અને સેવાના મીઠા ફળ ચખાડ્યાં. એકાંતિક ધર્મ સિદ્ધ કરવો જ છે તેવી ધખણા જગાડી. ધન્ય છે આવી ચૈતન્ય જનની પ.પૂ.જસુબાને જે ગુરુહરિ પપ્પાજી મહારાજનું કાર્ય બની, ગુણાતીત ભાવને પામી આદર્શ પૂરો પાડ્યો.

અમારી અંતરની અભ્યર્થના કે પળેપળના અમારા વિચાર, વાણી, વર્તન કેવળ પ્રભુ પ્રસન્નતાર્થે જ હોય. ભક્તિરૂપ જ હોય તે માટે બળ બુદ્ધિ, પ્રેરણા આપી અખંડ રખોપું કરજો.

પરમની આરાધના

૨૫૯. ૩૦ માળા – પુણ્યનું ફળ

ગુણાતીત જ્યોતના ચોકમાં એક નોટિસ બોર્ડ હતું. વ્યવસ્થાની સાનુકૂળતા રહે તે માટે બહેનો માટે રોજ સાંજે બીજા દિવસના કાર્યક્રમનું ટાઈમ ટેબલ એ નોટિસ બોર્ડ પર મૂકવામાં આવતું. પપ્પાજી સવારે એ ચોકમાંથી મંદિરમાં ભાઈઓના સંધ્યાન માટે જાય ત્યારે અચૂક એ કાર્યક્રમ તરફ નજર કરે અને રાજી થાય. સંધ્યાન પછી પપ્પાજી નાસ્તો કરીને પાંચ દસ મિનિટ ચોકમાં આંટા મારે અને પછી પ્રભુકૃપામાં પધારે.

એક દિવસ પપ્પાજી ત્યાં ઊભા રહ્યા અને સેવક પાસે પેન મંગાવી. સાંજના અડધો કલાક ધૂન વાંચ્યું અને એની બાજુમાં પપ્પાજીએ ૩૦ માળા લખી. બે ચાર બહેનો એ જોતા હતા એમને પપ્પાજી કહે – પૂછો તો ખરા કે, ત્રીસ માળા કેમ લખી ? પછી કોઈનાય પ્રશ્નોની રાહ જોયા વગર રાજી થકા કહે, '૧૯૫૨થી એક જોગીના થઈને જીવવાનો મેં નિશ્ચય કર્યો એ વાતને આજે ૩૦ વર્ષ પૂરા થયા. એવું જ જીવાયું છે એમ હું નથી કહેતો પણ મેં પ્રયત્ન જરૂર કર્યો છે ને જોગી જોકર લઈને મંડ્યો હતો તેથી જેટલી સેવા થઈ તે સેવાનું બધું ફળ મારે આ ૩૦ માળા કરે એને આપવું છે એવો મેં આજે સંકલ્પ કર્યો છે અને પ્રાર્થના કરી છે કે, હે જોગી મહારાજ આ બધા જે માથા આપવા તૈયાર થયા છે તેને આનંદપૂર્વક અહોહોભાવે તમારામાં રહેતા કરી દેજો. ને મારું આ ૩૦ વર્ષમાં જે કંઈ પુણ્ય ભેગું થયું હોય એનું બધું ફળ આ માળા ફેરવનારને આપજો.' આમ ૪થી સપ્ટેમ્બર ૧૯૮૨ના દિને પપ્પાજીએ મોજમાં વરદાન આપ્યું. પ્રભુ પપ્પાજીની આ કૃપા અભીપ્સાને ઝીલી, એ પુણ્યનો લાભ લેવા, જાગ્યા ત્યારથી સવાર માની ૩૦ માળા કરીએ ને જીવનને ધન્ય બનાવીએ.

શાશ્વત સંકલ્પ પર્વ...

હૃદય મનના ભાવોથી જ્યારે આપણે આપણા જન્મથી આજ દિન સુધીનું સ્મૃતિ દર્શન કરીએ... તો સ્મૃતિના મહાસાગરમાં આનંદનું મહામૂલું મોતી કયુ? ક્યાંથી આંતરમનમાં વિવિધ સમયના પ્રશ્નો, શંકા-આશંકાના વાદળો અને નિરાશાના તિમિરના મેઘમાં જ્યારે પૂર્ણ ભીંજાયેલા હતા ત્યારે... ક્યારે ને કેમ અને કોના વડે એક શ્રદ્ધાનો દીપ પ્રજ્જ્વલ્યો ? તેની ઝીણી-ઊંડી તપાસ કરી ત્યારે...

મન મસ્તિષ્કમાં જે અહમ્‌ના અનંત ન ટળે તેવા આવરણો હતા તેને તત્કાળ ઓજસમાં પરિવર્તન કરનાર કયુ તત્ત્વ ? એ પ્રશ્નાવલિના અસંદિગ્ધ ઉત્તરોમાં કેવળ પરમ કૃપાળુ પરમાત્માની કરૂણા અને મહામૂલ્યવાન આશાનું કિરણ સાંપડ્યું ! તે અનરાધાર વરસતી અકારણ વહેતી કરૂણાના સ્ત્રોત ક્યારે ને કેમ આ જીવને સ્પર્શી ગયા ! તે બધા જ મૂલ્યવાન પ્રશ્નોના ઉત્તરમાં માનવદેહધારી સાકાર પરબ્રહ્મતત્ત્વને છત્રાયુ કરનાર એક કલ્પનાતીત છબી મારા સમગ્રમાં પ્રસરી ગઈ ! એ દર્શનની અનુભૂતિ રોમેરોમને ઝંકૃત કરી ગઈ. અને એ જ શાશ્વત સંકલ્પની વણમાંગી અનુભૂતિ. માનવની દાનવતાને દર્શનમાત્રે ટાળી દે અને મહામાનવ બનવાની ઝંખના જગાડી દે 'શાશ્વત સંકલ્પની પ્રતીતિ'. કવિ શ્રી સુન્દરમ્ લખી ગયા...

'હું માનવી માનવ થાઉં તો ઘણું...'

એ પંક્તિના શાળામાં પાઠ કરતા ત્યારે ખ્યાલ નહોતો કે મહામાનવની પણ કોઈ યોનિ હશે. કોઈક બ્રાહ્મી શક્તિના ધારક અને એક એના વડે જ પ્રેરાતા વિચાર, વાણી, વર્તન કરનાર કોઈ સાકાર વ્યક્તિ સ્વરૂપે ધરા પર વિચરતા હશે ! આજે જ્યારે ૫૦ વર્ષ પૂર્વે ગુરુહરિ પપ્પાજીના દર્શનથી મન અહમ્‌ની દ્વિધા ટળી રહી છે, પપ્પાજીની વાણીના સૂર માત્રથી અહમ્ અજ્ઞાનની ગૂંચો ઉકલી રહી છે, આજે જ્યારે તેમના અમૃત સમાન પ્રગટપણાથી સમગ્રના સંશયમાત્ર ઓગળી રહ્યા છે... ત્યારે એમના એ આતમ સ્પર્શમાં આ જીવ સમગ્રપણે ખોવાઈ ગયો. અને એમની પ્રસન્નતાના પાત્ર બનવાની અભીપ્સા જાગ્રત થઈ ઉઠે છે.

એવા શાશ્વત સંકલ્પ છતીદેહે અને વિદેહી અવસ્થામાં પણ નિરંતર પ્રસરાવનાર આપણા આત્મમંદિરના પ્રભુ પપ્પાજી છે ! તે છે છતાં નથી, નથી છતાં છે. હૃદયમાં, આતમમાં મૌન રાખી પુકારીએ તો પ્રેરણા પીયૂષનું પાન કરાવીને મહામાનવ બનવાના રસ્તે સરલતા ને સહજતાથી ચાલતા કરે છે હાથ પકડીને ! એમણે હાથ પકડ્યો છે જે ક્યારે છૂટશે નહીં તેવી આપણી આતમ શ્રદ્ધા હિમાલય સમ છે. અને ડગ ભરતા જ કદાચ ભયથી ડગમગે, થથરે ત્યારે નેહલ નયનો ને દિવ્ય સ્પર્શથી સ્વસ્થતા, સ્થિરતા બક્ષિશ આપી દે છે.

શાશ્વત સંકલ્પ તો જ્યારથી બ્રહ્માંડનું સર્જન થયું ત્યારથી જ છે પણ આપણને, મને જ્યારે એનો સ્પર્શ થયો ને રોમાંચ થયો કે આ અતુલ્ય પ્રીતિને સમર્પણની ભક્તિથી પરાભક્તિમાં પરિવર્તિત કરીને સનાતન સુખના ભોક્તા બનવું છે. પથ કંટકભર્યો છે એમ શાસ્ત્રોમાં કહેવાય છે પણ અહીં તો આત્મબુદ્ધિ અને પ્રીતિથી સ્વયં જોડાય છે ! અદ્‌ભુત સ્મૃતિ, મૂર્તિ અને પ્રીતિથી ડૂબાડી દે છે. કંટક પણ ફૂલસમાન કોમળ બની રહે છે ! એમનું ક્લેવર વ્રજ જેવું છે તેથી જ આપણા મારા જેવા જીવોને અકારણ ગ્રહણ કરીને એકપક્ષીય ભજન, પ્રાર્થના અને સંકલ્પથી જતન કરે છે.

જુઓ ને ! પપ્પાજીને જ્યારથી સાક્ષાત્કાર થયો ત્યારથી દેહની વિવિધ પ્રકારની અનહદ તકલીફો બીમારીઓ આવી ! ધનની તો મુશ્કેલી અને મોટો ચોવીસ લાખનો કેસ ને અપમાનની તો અનંત લ્હાણી ને તેમાં વળી વિમુખનારાયણની ઉચ્ચ પદવી મળી ગઈ! મનમાં બિરાજેલ શ્રીજી યોગીજીને પળવારેય ફરિયાદ કે પ્રશ્ન કર્યો નથી. કેમ ? શા માટે ? ક્યારે પૂરું થશે ? માંગણી જ કોઈ નહીં.

આતમમાં પ્રગટેલ શ્રીજી યોગીજી સર્વોપરી અને સર્વશક્તિમાન છે. આ જગત, પ્રસંગો તો મિથ્યા છે

તેવું જ્ઞાન તેમણે વણકહ્યે માણ્યું છે. યોગીબાપા કહેતા, 'બાબુભાઈ તો જનકવિદેહી છે !' તો મોટું પેટ જોઈ બાપા કહેતા - 'એમાં તો બ્રહ્મ ભર્યું છે !' ચોવીસ લાખના કેસ માટે કહે, 'તમે તો નિર્દોષ છો ! ઘણાનું ઘણું કાઢવું છે !' વકીલ રાખવાની સલાહમાં બાપા કહે, '૩.૫૦/- નો રાખવો. હાથ હલાવતા જવું ને હાથ હલાવતા આવવું.' આવા અનંત ઉપનિષદો જેવા યોગીજીના વેણ આપણને ગુરુહરિ પપ્પાજીની જીવનભાવના, જીવની કક્ષા અને જીવનશૈલીનો અહોભાવ અર્પે છે. એવા પરાત્પર સ્વરૂપે ધરા પર ૯૦ વર્ષ સદેહે વિચરનારા સાકાર બ્રહ્મની પળેપળ એક શાશ્વત સુખની લહાણી સમાન હતી ! 'સામે આવ્યો ! સંબંધે સ્વરૂપ.' 'સૌ કોઈ સુખિયા થાવ' 'અક્ષરધામની જ્ઞાનસમાધિ પામો' એવા બોલ, લખાણ કે મૌન વ્યવહાર સર્વે ચૈતન્યમાં ચિરાગ બનીને અનંત દેવતાઓને હરાવીને પ્રકાશમય સાધુતાભર્યા માર્ગે પ્રેરતા.

એવા શાશ્વત સંકલ્પ પળેપળે પ્રસરાવનારા ગુરુહરિ પપ્પાજી મહારાજને તેમના ૧૧૦મા પુનિત પ્રાગટ્ય 'શાશ્વત સંકલ્પ પર્વે' અંતર આરઝૂ... ખૂબ સમય વહી ગયો. જે ગયો તે પરત નથી થવાનો. હવે જે બાકી છે તેમાં આપના અનુપમ કાર્ય અને અનોખી પ્રીતિનું ઋણ ચૂકવીએ અને વિચાર, વાણી, વર્તને ગુણાતીત ભાવના ભર્યા સાધુ બનીને શેષ જીવન જીવવાની શક્તિ અને ભક્તિ કરવાની પ્રેરણા નિરંતર નિશદિન અર્ખ્યા કરજો. મળ્યું છે તેને માણતા શીખવો ને માણીને વર્તનથી વહેંચતા શીખવો અને પ્રગટની પ્રત્યક્ષતાને વર્તનમાં ઉજાગર કરીને જીવન અંજલિરૂપ બનાવી દઈએ એ જ.

(પૂ.ડૉ.નીલમબેન)

શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

હંમેશા અહંકારની ટોચ પર રહેનારો જીવ ક્યારે સદાય સેવકભાવે જીવતો થઈ જાય અને કાયમ દાસભાવે નમ્ર બનીને વર્તતો જીવ ક્યારે અહંકારમાં મદમસ્ત બનીને વિહરતો થઈ જાય ! હા, આવું બનવું શક્ય છે. પણ છે તો ઘણા આશ્ચર્યની વાત ને ! એ જીવને સાચા સંતનો જોગ, દ્રષ્ટિ અને જતન મળી જાય, એવા સાચા સંત સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ જાય તો એ જીવનો બેડો પાર થઈ જાય ! અનેક જીવો સત્પુરૂષની અણધારી કૃપાની વર્ષામાં જીવભાવથી મુક્ત બનીને બ્રહ્મભાવે જીવતા થઈ જાય છે અને અતિ કૃપાપાત્ર ને બેહદ રાજીપો પ્રાપ્ત કરનારા પણ સર્વોત્તમ પ્રાપ્તિ ગુમાવીને જગતના પ્રવાહોમાં ક્યાંય ખોવાઈ જાય છે ! ખૂબ નિષ્ઠાની વાતોથી અનેકને આદર્શરૂપ બનનાર પણ ક્યારેક સાવ અલ્પબુદ્ધિ થઈને રહી જાય ! અને બધાની નજરે બુદ્ધુ જેવા દેખાતા પણ પરમસ્થિતિને પામી અનેકને માટે દીવાદાંડી સમાન બની જાય !

ભગવાન, સંત અને સત્સંગનો પ્રતાપ બહુ જ ન્યારો છે ! જીવની તો કોઈ તાકાત નથી પણ ભગવાન અને સંતની શક્તિ કલ્પનાતીત છે !

યોગીજી મહારાજે બનાવેલા સંતો જ્યારે યુવક તરીકે યોગીબાપા પાસે રહેતા હતા, ત્યારે સૌ કોઈને એમ જ લાગતું કે આ યુવકો કેવી રીતે સાધુ થશે ? અને કદાચ થાય તો પણ કેવી રીતે ટકી શકશે ? સત્ત્વ, રજ અને તમોગુણી સ્વભાવના, કંઈક અલગ મિજાજના આ યુવકોને સાધના એટલે શું ? તેવી કાંઈ જ ખબર ન હતી. અજાણતા જ આ બધાં યુવકો ફક્ત એક જ તાંતણે બંધાયા હતા. અને એ તાંતણો એટલે યોગીજીનો અમૂલ્ય નિ:સ્વાર્થ અને નિષ્કામ પ્રેમ! નાયગરાના ધોધ જેવા અવિરત વહેતા યોગીજીના પ્રેમપ્રવાહમાં જીવના જીવભાવ, દેહભાવ, સ્વભાવ, અહંકાર, પ્રકૃતિ કે પ્રારબ્ધ બધું જ ક્યાંય ફંગોળાઈ જતું, અદ્રશ્ય થઈ જતું ! અને યોગીબાપા કેમ કરીને રાજી થાય તેવો આલોચ આ યુવાનોના દિલમાં વહેતો. અને ખરેખર એ યુવાનોની પ્રકૃતિ બદલાઈ ગઈ ! સાધુતાને શોભાવે તેવા બન્યા. જ્યાં એ અશક્ય હતું ત્યાં આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરી એ સંતો અનેકને માટે રાહબર બન્યા.

જડતામાં ચેતનતા પ્રગટાવે એ સાચા ગુણાતીત

સત્પુરુષ ! એ જ યોગીજીના પરમ શિષ્ય આપણા પપ્પાજી મહારાજ ! શાંત, ધીર-ગંભીર પ્રકૃતિ. એકાવધાની અને ધ્યેયનિષ્ઠ પ્રતિભા. યોગીજીની પરાભક્તિ સિવાય કોઈ વૃત્તિ-પ્રવૃત્તિ નહીં. સ્થિરતા તો જાણે પ્રશાંત મહાસાગર જેવી ! યોગીજીની અનેકવિધ કસોટીઓમાં સારધાર પાર ઉતરેલું ગુણાતીત વ્યક્તિત્ત્વ. કે જેમણે સંપ્રદાયમાં બહેનોની આધ્યાત્મિક જવાબદારીના વહન કર્યા. પુરુષો તો સમૂહમાં સચવાઈ શકે, પણ સ્ત્રીઓને સાચવવી અને એ પણ સમૂહમાં એ અત્યંત મુશ્કેલ કાર્ય છે. વિચાર, વાણી ને વર્તનમાં સ્ત્રીઓને સમજવી એ સામાન્ય પુરુષોનું કામ નથી. બ્ર.સ્વ.યોગીજીએ પપ્પાજી મહારાજની ખૂબ જ વિશ્વાસ ને દીર્ઘ દ્રષ્ટિએ પસંદગી કરી. વિશ્વભરના અત્યંત મુશ્કેલીભર્યા કાર્યની એમને સેવા સોંપાઈ. અને સમગ્ર જગત આશ્ચર્ય પામે એવું ભગીરથ કાર્ય પપ્પાજી મહારાજે કરી બતાવ્યું. સ્ત્રીની ચંચળ પ્રકૃતિને સંપૂર્ણ ભક્તિસભર બનાવીને પરમસ્થિતિને પમાડી !

એ સમય કે પ્રક્રિયા દરમ્યાન પપ્પાજી મહારાજને કેવું કેવું સહન કરવાનું આવ્યું હશે ! કેવા કેવા પ્રસંગો ઊભા થયા હશે! આ અતિ કઠિન કાર્યને એમણે માત્ર સંકલ્પ શક્તિથી જ સંપૂર્ણ સફળ અને સુલભ બનાવ્યું. બધાનું સાચવ્યું, બધાનું નિભાવ્યું, બધાનું આધ્યાત્મિક જતન કર્યું. એ કાર્યમાં પોતાની જિંદગીનો મહત્તમ અને બહુમૂલ્ય સમય વિતાવી દીધો. તો આજે એક એક સાધક બહેનના અંતરે ઉત્તમ પ્રાપ્તિ પામ્યાનો પૂર્ણ સંતોષ છે.

આવા જ એક દુર્લભ કાર્યનું પપ્પાજીએ પોતાના સંકલ્પે સર્જન કર્યું અને તે છે ગુણાતીતના પ્રકાશ ! સાચા અર્થમાં ગુણાતીતના પ્રકાશરૂપ રહીને કેમ જીવી શકાય ! એ વાત એવા યુવકોમાં સાકાર કરી બતાવી. ગુણાતીત પ્રકાશ એવા સૌ સંત ભાઈઓને આંતરિક જતન પમાડી, સ્વસંકલ્પથી સેવન કરી, એક એકને અંતરથી મજબૂત બનાવ્યા છે. સ્વભાવના રૂપાંતર કર્યા છે ને પૂર્ણ સમર્પણના રાહે મૂક્યા છે. સ્વભાવ જીતવાના સાધકના મનોબળને પપ્પાજીએ જીવંત રાખ્યા છે. પ્રત્યેક સાધકને પોતાની આધ્યાત્મિક હૂંફ આપી છે. એમની શક્તિ, સંકલ્પ કે કૃપા વિના આ બધું શક્ય નથી. કોઈનેય સાચવવા ના પડે એવા અડીખમ બનાવ્યા છે. સાચા અર્થમાં પપ્પાજીના પ્રકાશરૂપ બનીને, છૂપા રહીને જીવી રહ્યા છે. માહાત્મ્ય ને સ્વધર્મ સહિત પોતાની સેવાઓ જવાબદારીપૂર્વક સંભાળી રહ્યા છે. દરેક પ્રસંગને સ્મિતથી આવકારે છે. પ્રભુનું કર્તાપણું સ્વીકારે છે. અને 'હું પપ્પાજી મહારાજનું જ એક કાર્ય છું.' એવું સતત અનુસંધાન રાખીને સૌ ગુણાતીત પ્રકાશ સંત ભાઈઓ જીવી રહ્યા છે.

પપ્પાજી મહારાજે જે સર્જન કર્યું છે તે જગત કે સંપ્રદાયને બતાવવા માટે નથી. એમના આપેલા નામમાં પણ સૈદ્ધાંતિક મર્મ છે.

બહેનો ભગવાન ભજે તે સંસ્થાને નામ આપ્યું 'ગુણાતીત જ્યોત'.

સમર્પિત થયેલા યુવકોના સમૂહને નામ આપ્યું 'ગુણાતીત પ્રકાશ'.

એકાંતિક ધર્મને માર્ગે ચાલનારા ગૃહસ્થોને નામ આપ્યું 'ગુણાતીત સૌરભ'.

આ નામમાં જ પોતપોતાના જીવનના ધ્યેય અને આદર્શ સમાયેલા છે. આજે એવા અસંખ્ય ગૃહસ્થો પણ જગતમાં ને સમાજમાં રહેવા છતાંય ભગવાન અને સંતની આંતરિક પ્રસન્નતાની પ્રાપ્તિ માટે, જરાપણ દેખાવ કે માન મેળવવાની ખેવના વિના, વફાદારીપૂર્વક જીવી રહ્યા છે. પપ્પાજી મહારાજના સંકલ્પે જીવન જીવી ગુણાતીતની સૌરભ ફેલાવી રહ્યા છે ત્યારે આપણે સૌ અરસપરસ એમના સર્જેલા આ ગુણાતીત સમાજમાં નિર્દોષભાવ, દિવ્યભાવ ને સુહૃદભાવ રાખી રસબસ થઈ જઈએ. એમના સંકલ્પમાં વહી જઈએ. એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવાના પપ્પાજી મહારાજના ઉત્કૃષ્ટ દાખડાને સફળ કરીએ. આપણા વિચાર, વાણી ને વર્તન દ્વારા પપ્પાજી મહારાજની દિવ્ય જ્યોત જલતી રાખીએ, એમનો પ્રકાશ પાથરતા રહીએ એવી કૃપાની, આશીર્વાદની અંતરની યાચના સૌ સ્વરૂપોને છે.

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

સત્સંગ સમાચાર

★ તા.૨૫.૧૦.૨૦૨૬ : શરદપૂનમ, અનાદિ મૂળ અક્ષર મૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યદિનની ઉજવણી રાત્રિસભામાં, પ.પૂ.દીદીના સાંનિધ્યે પપ્પાજી હૉલમાં કરી. સભાનો પ્રારંભ આવાહન શ્લોકથી કર્યો. શ્રી ઠાકોરજી, શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી અને ગુરુહરિ પપ્પાજી મહારાજને હાર અર્પણ કરી પ્રાર્થનાભાવ ધર્યા.

સ્વામીશ્રીના કીર્તનોમાં મશગુલ થયા. મુક્તોએ મહિમાગાન કર્યું. ગુરુસ્વરૂપો, સાધક બહેનો અને પધારેલા હરિભક્ત બહેનોએ આરતી કરી. ત્યારબાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.દીદીના આશિષ માણ્યા બાદ સભાનું સમાપન રાસગરબાથી કર્યું.

★ તા.૧૮.૧૦.૨૦૨૬ : 'શાશ્વત સંકલ્પ પર્વ' પ્રારંભે યજ્ઞ...

યજ્ઞ એટલે અગ્નિમાં પવિત્ર સામગ્રી અર્પણ કરીને મંત્રોચ્ચાર સાથે કરવામાં આવતી ધાર્મિક વિધિ. તેનો હેતુ ઉપાસના અને લોક કલ્યાણનો હોય છે.

શ્રી ગુણાતીત જ્યોતમાં તા.૧૮.૧૦.૨૦૨૬ના ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૧૦મા પ્રાગટ્ય પર્વ અને પ.પૂ.હંસાદીદી, પ.પૂ.દેવીબેનના નવતિ પ્રાગટ્ય પર્વ નિમિત્તે જ્યોતમાં જનહિતાર્થાય સુખ, શાંતિ, આનંદ અર્થે ૯૦ કુંડી મહાયજ્ઞ કરવામાં આવ્યો.

ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.હંસાદીદી તથા જ્યોતના સર્વે સદ્‌ગુરુઓની પ્રત્યક્ષ સંનિધિમાં વિધિવત યજ્ઞ કરી પૂર્ણાહુતિ કરી. યજ્ઞમાં પ.પૂ.હંસાદીદીના હસ્તે શ્રીફળની આહુતિ આપવામાં આવી.

પૂ.ડૉ.નીલમબેને સૌની મનોકામના પૂર્ણ થાય અને સૌનું કલ્યાણ થાય એવી પ્રાર્થના પપ્પાજીના ચરણે ધરી.

ગુરુહરિ પપ્પાજી મહારાજે આશીર્દાન આપ્યા કે, આજે ભવ્યાતિભવ્ય સ્વામિનારાયણ મંત્રનું જપન કર્યું, આહુતિ આપી અને આપણા બધાના જૂના પ્રારબ્ધ ધોવાઈ ગયા ને અક્ષરધામના પ્રારબ્ધ ગોઠવાઈ ગયા. અત્યાર સુધીના જે જે સંચિત, જન્મ ધર્યા પછીના દેહાભિમાનેયુક્ત પ્રારબ્ધ એ બધાય ઊડી ગયા ને હવે અક્ષરધામના પ્રારબ્ધ શરૂ થશે. આપ બધાય તીર્થધામરૂપ બની ગયા. તમારું અહંકારરૂપી, અહંતા-મમતારૂપી, જૂના પ્રારબ્ધરૂપી શ્રીફળ યજ્ઞમાં આપજો એટલે કે પ્રાપ્તિનો કેફ રાખજો. હવે અક્ષરધામના પ્રારબ્ધ સર્વના ઊભા થઈ જાય અને જંગમતીર્થ બનીને આશીર્વાદ પ્રમાણે આપ બધાયના તન, મન, દેહ ને ઘર અક્ષરધામરૂપ બની જાય. અક્ષરધામના સુખ ભોગવો એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

પ.પૂ.હંસાદીદીએ આશીર્દાન આપ્યાં કે, આ યજ્ઞ સફળ થશે જ. આપણે સૌ પપ્પાજીનું કાર્ય બનવાના જ છીએ એવા આશીર્વાદ વરસાવ્યા.

પ.પૂ.દેવીબેને સાચી સાધનાની સૂઝ આપતા આશીર્દાન આપ્યાં કે, મને ખૂંચ્યું એ મારો દોષ. પપ્પાજીને ન ગમતા આપણા સ્વભાવ યજ્ઞમાં હોમી દઈ સાચું સુખ માણતા થઈ જઈએ.

ત્યારબાદ સર્વે સંત યજમાન બહેનોએ સંકલ્પ કર્યો કે, કોઈપણ સંજોગોમાં સંપ, સુહૃદભાવ, એકતા રાખવા જ છે. સુખ, શાંતિ, આનંદથી સૌની પ્રગતિ થાય અને 'હું પપ્પાજીનું કાર્ય છું' એ આજ્ઞા સહજ પળાય એવી કૃપા કરશો.

દીપોત્સવી પર્વોની ઉજવણી...

★ તા.૭.૧૧.૨૦૨૬ ધનતેરસ :

પ.પૂ.હંસાદીદીના સાંનિધ્યે ધનતેરસની મહાપૂજા કરી, આવાહન શ્લોકથી સભાનો પ્રારંભ કર્યા બાદ પૂ.ડૉ.નીલમબેને ગુરુહરિ પપ્પાજી મહારાજની આ દિનની સ્મૃતિઓ કરાવી.

ત્યારબાદ પપ્પાજી પ્રકાશ વિભાગના બહેનોએ મહાપૂજા કરી. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સ્વરૂપોના સ્વાગત કર્યા. પ.પૂ.દીદીએ સંકલ્પ કરાવ્યો. મંત્ર પુષ્પાંજલિ ને થાળ, આરતી કર્યા. ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.હંસાદીદીના

આશિષ લીધા તેનું સારરૂપે મનન કરીએ.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : આજે આપણે મહાપૂજા કરી, લૌકિક વ્યવહારમાં ધનની જરૂર પડે જ. તેનો દિવ્ય વપરાશ કરવો છે. પ્રભુને આગળ રાખીને દરેક ક્રિયા કરીએ તો બંધનરૂપ ના થાય. મનમુખી સંકલ્પ છોડી સત્ય સંકલ્પરૂપી ધન પ્રાપ્ત કરીએ ને અશુભ સંકલ્પ બધા ધોઈ કાઢીએ. આખી દુનિયા ધન પર ચાલી રહી છે. તે ધનને આપણે આપણા જીવનમાં નિર્ગુણ બનાવવું છે. લક્ષ્મીનો ખોટી રીતે ઉપયોગ ના કરીએ. ગુરુમુખી ઠરાવરહિત જીવવું છે. તેમ કરવાથી વૃત્તિઓના સંકલ્પ ગુરુના આશિષથી ધોવાઈ જાય. વિષયના સંકલ્પને ભજનથી બ્રહ્મયજ્ઞમાં હોમી દઈએ. તેવી ધન પૂજા કરવી છે. આપણે અક્ષરધામના મુક્તો બની જઈએ તો લક્ષ્મી ચરણોમાં આળોટશે. ધન એટલે પુરુષ - સંકલ્પ. મનમુખી સંકલ્પની આપણે પૂજા કરી. જેથી તે શુદ્ધ થાય ને પ્રભુની ભક્તિરૂપ હોય તેમાં વપરાય. આપણા સૌની દેહથી, મનથી, ધનથી પ્રભુ રક્ષા કરે. આપણું સંકલ્પરૂપી ધન નિર્ગુણ બને તે માટે મહાપૂજા કરી છે. પૂજા કરાવનાર, કરનાર ને ભાગ લેનાર બધાયને સંકલ્પરૂપી ધન બંધનકર્તા ના નીવડે. સૌ કોઈ નિષ્કામ સંકલ્પ કરતાં થઈ જાવ એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

આશીર્દાન પ.પૂ.હંસાદીદી : વર્ષના છેલ્લા દિવસનો આનંદ એટલે દિવાળી. ધનનું પણ પૂજન કરવું પડે છે. ભગવાન અને ભક્તનું પૂજન તો હોય પણ ધનનું ય પૂજન. જે કંઈ આપણે વાપરીએ તેનું પૂજન હોય. ધન જરૂરિયાત પ્રમાણે ભગવાન આપી દે. તનથી તંદુરસ્ત રહીએ તે જરૂરી છે. સુખાકારી જીવન માટે મનની તંદુરસ્તી જોઈએ. તેને માટે ભગવાનના અમૃત વચનો આપણી પાસે છે. તેનું અનુસંધાન રાખી જીવીએ.

સાધના માટે નિયમ છે કે કોઈના દોષ જોવા નહીં. કોઈના દોષ ટાળી ન શકીએ તો જોવા છે શું કામ ? જેવા માનીએ તેવા થઈએ. ગુરુને એમ હોય કે એકાંતિક થાવ પણ પોતે નક્કી કરીએ ત્યારે થવાય.

એક વાત અંતરમાં રાખવી કે, હે મહારાજ ! હે સ્વામી ! હે પપ્પાજી મહારાજ ! ચોવીસ કલાક અમારી ધ્યેય તરફ સભાનતા રહે તેવી કૃપા કરજો. કોઈનું ન જોવાની સભાનતા રહે. પોતાના માટે પોતે જ ભજન કરવું પડશે. નક્કી કર્યા પછી જે કંઈ કરવાનું હોય તે દ્રઢતાથી કરવું. અંતરથી કેફ રાખીએ કે, અહો ! આ પપ્પાજી મળ્યા ! મનાઈ ગયા ! મારા ચૈતન્યને સ્પર્શ કર્યો. મારી પ્રાર્થના સ્વીકારી. સાધના કેવી રીતે કરવી તે માટે ગુરુઓની ભેટ આપી. એ ગુરુના વચન પાળવા. રોજ પ્રાર્થના કરવી કે, કોઈનું જોવું નથી. તમારી સ્મૃતિનું સુખ માણું. ભગવાન મને પોતાની માને છે. મારે મારું નથી રહેવાનું, ભગવાનનું થવાનું છે. તેમની સેવા તેમને પહોંચે તેવી તેમની રીતે કરવાની છે. આપણે બધા એકાંતિક બનીએ. ભગવાનનું સુખ લેતા સ્વરૂપોને આપણે જોયા છે. તેમ આપણે પણ મંડીશું તો સુખ લેતા થઈ જઈશું. આપણો આનંદ આપણો પોતાનો કરી લઈએ તો મૂંઝવણ નહીં થાય.

★ તા.૮.૧૧.૨૦૨૬ દીપાવલી - શારદાપૂજન

પ.પૂ.હંસાદીદી અને સ્વરૂપોના સાંનિધ્યે સાંજે ૪:૩૦ થી ૭ શારદાપૂજનની મહાપૂજા થઈ. જેમાં ૧૧ યજમાનોએ ભક્તિ અદા કરી. પૂ.ઈલેશભાઈ, પૂ.બેચરભાઈએ વિધિપૂર્વક મહાપૂજા કરી. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમજ સ્વરૂપોના પુષ્પહાર ને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યાં. યજમાનોનું પૂજન કરી, નાડાછડી બાંધી. મહાપૂજા વિધિમાં યજમાનોએ પૂજાના આશિષ પત્રો પર નાગરવેલના પાન, સોપારી, ફળો પધરાવી કંકુના છાંટણા કર્યા. પ.પૂ.પદુબેન, પૂ.તરૂબેન, પૂ.માયાબેને તેમજ પૂ.દિલીપભાઈ (યુ.કે.)એ વહીઓ પર ધનવર્ષા કરી. પૂ.મધુબેન, પૂ.દયાબેન, પૂ.શોભનાબેન, પૂ.જયુબેન, પૂ.હંસાબેન ગુણાતીતે વહીઓ પર પુષ્પવૃષ્ટિ કરી. ત્યારબાદ થાળ, આરતી ને સંકલ્પ વાંચન કર્યા. સંકલ્પની સિદ્ધિ અર્થે ધૂન કરી.

મહાપૂજા બાદ સંવત ૨૦૮૩ના કેલેન્ડરનું અનાવરણ પ.પૂ.અરૂણાબેન (યુ.કે.)ના હસ્તે પૂ.હર્ષાબેને કરાવ્યું. ત્યારબાદ આશિષ લીધા તેના સારનું મનન કરીએ.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : આજે વિદ્યાનગર ગુણાતીત જ્યોત, અક્ષરધામમાં ચોપડાપૂજન કર્યું. તીર્થત્ત્વ આપ્યું. વેપાર કરો, ધંધો કરો ને બધાય તન, મન, આત્માથી સુખી રહો. ધન ઢગલાબંધ કમાવ ને તે ધન બંધનકર્તા ના નીવડે તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

આશીર્દાન પ.પૂ.પદુબેન : પૂ.ઈલેશભાઈ અને પૂ.બેચરભાઈએ પ્રભુમાં રહીને સરસ મહાપૂજા કરાવી. આખું વાતાવરણ દિવ્ય થઈ ગયું. પપ્પાજી, બા, બેન જાણે હાજર હોય તેવું અનુભવ્યું. પપ્પાજીએ આપણને દ્રષ્ટિમાં લીધા. ગુણાતીત બનવામાં સ્થાન આપ્યું એ કેટલી મોટી કૃપા ! ગૃહસ્થમાર્ગે સુખ, શાંતિથી રહી શકીએ તેવું કરી આપ્યું. પપ્પાજી બધી રીતે આપણા ગુણાતીત મા-બાપ બન્યા. જરાય દુ:ખી થઈએ તો તે અંતરથી હાલી જઈને, પ્રાર્થના કરીને હળવા બનાવી દે એ તેમની કૃપા જ. આપણે નસીબદાર છીએ કે આપણે જગતમાં રહીએ છતાંય કશાયમાં બંધાઈએ નહીં તેવું પપ્પાજી જતન કરે છે. પ્રાર્થના કરે છે. આવી રક્ષા કરનારા મળ્યા પછી આપણે આશરો પકડી રાખવો એ કરવાનું છે.

આજે આપણે સંકલ્પ કરીએ કે, પપ્પાજી ! તમે જે આપો તેમાં રાચીએ. પૂરા દિલથી સેવા કરીએ. તમારું આપેલું તમારા માટે વાપરવાનું છે. આ બધા સ્વરૂપો આપણા માટે પ્રાર્થના કરે છે કે, બધાને સુખ રહે, દેશકાળ નડે નહીં. આર્થિક તંગી ના આવે. લક્ષ્મીજી આપણા ઘરમાં રહે. બસ સૌ કોઈ સર્વાંગે તંદુરસ્ત રહો તેવી તનની સુખાકારી આપે, મનની વફાદારી આપે, આત્મા બળિયો રાખે ને ધનની વર્ષા કરે તેવી પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.હંસાદીદી : સરસ મહાપૂજા થઈ. આપણે ભક્તો છીએ. તો પ્રથમ પ્રભુને યાદ કરીને ડગ ભરીએ. તેમની મદદ માગ્યા કરીએ. પપ્પાજીએ કહ્યું છે કે, I am always with you. તેનો અંતરથી કેફ રાખીએ. હું પ્રાર્થના કરીશ તે મારો પ્રભુ સાંભળશે જ. પ્રભુ આપણા સંકલ્પને સ્વીકારે છે. બળ આપીને જે તે મૂંઝવણમાંથી બહાર કાઢે છે. આપણે હંમેશા આનંદમાં રહેવું. ભગવાન મળ્યા પછી આનંદ જ હોય. તેમાં પોતાની ભક્તિ જોઈશે. આપણે પપ્પાજીના ધામમાં બેઠા છીએ. તો સુખ, શાંતિ, આનંદ સિવાય બીજું હોય જ નહીં. વ્યવહાર છે એટલે ગૂંચ આવે ત્યાં પ્રાર્થનાનો આધાર રાખવો. ગૃહસ્થને તેમના ધર્મ ને સાધુને તેમના ધર્મ. સૌએ પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવું તો શાંતિ રહેશે. બાકી આજે દિવાળી વર્ષનો છેલ્લો દિવસ. તમારા બધાના દર્શન થયા, ખૂબ આનંદ થયો. આપ સૌને જય સ્વામિનારાયણ.

★ તા.૧૦.૧૧.૨૦૨૬ નૂતનવર્ષ વિ.સં.૨૦૮૩

શ્રી ગુણાતીત જ્યોત મંદિરનો પાટોત્સવ: સવારે ૬.૩૦ વાગે પૂ.મધુબેન, પૂ.શોભનાબેન, પૂ.હંસાબેન ગુણાતીત, પૂ.જયુબેન, પૂ.તરુબેનના સાંનિધ્યે મંદિરમાં શ્રી ઠાકોરજી અને સ્વરૂપોના પૂજન, અર્ચન ને આરતી કર્યાં. જેમાં પધારેલાં હરિભક્તોએ લાભ લીધો.

પ.પૂ.શોભનાબેને આશિષ આપ્યા કે, આપણા અંતરમાં દિન પ્રતિદિન પપ્પાજીએ એવું કરી આપ્યું કે, પ્રાપ્તિનો કેફ વધતો જ રહે. રોજ નૂતનવર્ષનો આનંદ આવે. બા, બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, જસુબેને પપ્પાજીને સર્વોપરીભાવે સેવ્યા ને અનુભવ્યા. ને આપણને ઓળખાવ્યા. એ પપ્પાજીને આપણે પણ માણી લઈએ. એ જીવમાં બેઠા છે તે હંમેશા આપણી રક્ષા કરે છે ને કરશે. આ પદુબેન, મધુબેન, દયાબેન, હંસાબેન, જયુબેન, તરુબેન જેવા સ્વરૂપોનું જતન મળે છે. તમે બધા હરિભક્તોએ દુકાળમાં કોદરાં પૂર્યા છે. સેવામાં હોમાઈ ગયા. તમને ધન્ય છે. આ બધા સ્વરૂપોના તમે ધબકારા છો. બસ, પપ્પાજી આપણને હંમેશા ચિદાકાશમાં રાખે તેવી પ્રાર્થના.

★ નૂતનવર્ષ અને ભાઈબીજની સભા

સવારે ૮ થી ૧૦ પ.પૂ.હંસાદીદી અને સ્વરૂપોના સાંનિધ્યે નૂતનવર્ષ અને ભાઈબીજની સભા કરી. આવાહન શ્લોક, ધ્યાન, નિત્ય વાંચન અને ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદ લીધા. પૂ.નેહલબેન દવે રચિત 'સર્વોપરી પ્રભુ...' ભજન દ્વારા નૂતન વર્ષની

પ્રાર્થના ધરી. ત્યારબાદ શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, સ્વરૂપોને પુષ્પહાર અને પુષ્પગુચ્છ અર્પણ કર્યા.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : સર્વે અક્ષરમુક્તોને નૂતનવર્ષના ઝાઝા કરીને જય સ્વામિનારાયણ. આપણે કોઈને કોઈ ગુણાતીત સ્વરૂપ સાથે જોડાયેલા છીએ. ગુરુના સંકલ્પે આપણું પ્રારબ્ધ વપરાય છે. સૌ અક્ષરધામનું સુખ ભોગવતા થાય તેવો દ્રઢ સંકલ્પ કરીને યોગી મહારાજે સંતો, બહેનો, યુવકો તૈયાર કર્યા.

કર્તાહર્તા આપણામાં યોગી મહારાજ છે. તેમનો સંકલ્પ કામ કરી રહ્યો છે. ધીમે ધીમે જગત ખોટું થતું જાય છે. કર્તાહર્તા ભગવાનને માનીએ તો કાળ, કર્મ, માયાની તાકાત નથી કે આપણી પાસે આવી શકે. ગુરુ રાજી થાય તે માટે સાધના કરી રહ્યા છીએ. આપણે ખટકો જ રાખવાની વાત છે. અખંડ અનુસંધાન રાખીને જીવીએ. આપણે બધા આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ રાખીએ. બધા બ્રહ્મનિયંત્રિત છે તેમ માની સુખ ભોગવતા થઈ જઈએ. નિરંતર અક્ષરધામની સમાધિનું સુખ સૌ કોઈ ભોગવે તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

ત્યારબાદ **ભાઈબીજની સભાનો પ્રારંભ કર્યો.** વડીલ સ્વરૂપો સ્ટેજ પર પધાર્યા. પૂ.નીલમબેને સભા સંચાલન કરતા મહિમા વહાવ્યો કે, આપણી કાળ, કર્મ, માયાથી નિરંતર રક્ષા કરે તેવા સ્વરૂપો મળ્યા છે. એવા ભાઈઓનો સમાજ મળ્યો. ગુણાતીત સમાજનું સર્જન થયું. એ દરેક પાંખ ડિસીપ્લીનવાળી કે ભગવાનને ગમે છે તો કરવું છે. અરસપરસ મહિમા ને નિર્દોષભાવ રાખીને સેવા કરવાની ભાવના સૌને છે. સાથે રહીને એકબીજાની શિસ્તબદ્ધ સેવા કરવાની નવી પહેલ છે. બહેનોને પણ આનંદ છે કે આવા ભાઈઓ, ગૃહસ્થ સમાજ સાથે છે.

ત્યાર બાદ વડીલ ભાઈઓને તેમ જ ગૃહસ્થ ભાઈઓને પુષ્પગુચ્છ અર્પણ કર્યા.

આશીર્દાન પ.પૂ.હંસાદીદી : આજે તો નૂતનવર્ષ. સ્વામિનારાયણ ભગવાન અને યોગીબાપાએ કૃપા કરી પપ્પાજી મહારાજ, કાકાજી મહારાજની ભેટ આપી દીધી. આપણે બધા જ ઉત્સવો તેઓની સંનિધિમાં ઉજવ્યા છે.

શરૂઆતમાં બેસતુ વર્ષ ઉજવ્યું. પછી ભાઈબીજ બાકી રહી. આપણા અનુપમ મિશનના ભાઈઓ તેમ જ મુંબઈના ભાઈઓએ અમારી સાથે રહીને બહુ જ દાખડો કર્યો. બેસતા વર્ષે આ ભાઈઓ માટે ભાઈબીજનો ઉત્સવ શરૂ કર્યો. તેથી પ્રથમ તો વ્રતધારી ભાઈઓ ને આજ્ઞાધારી ગૃહસ્થોનું અંતરથી સ્વાગત કરીએ છીએ.

આપણે એક ધ્યેયી ભક્તો છીએ. એકાંતિક બનવું એ આપણું નિશાન છે. તો હું શું છું તેના કરતા શું બનવાનું છે તે નિશાન રાખવું. દેહભાવ હોય તો માન-અપમાન લાગે. અપમાન લાગે તો ભજન કરવું. આપણો ભગવાન સર્વદા આપણી સાથે છે. એ આપણું કહ્યું કરશે તે નક્કી વાત છે. એના થઈને જીવીને એમનું સુખ લેવું છે. તે સુખ એમની કૃપાથી મળે છે. તેમની આપેલી આજ્ઞા પાળીએ એટલે મળે. આજ્ઞા છે નિર્દોષબુદ્ધિની. પ્રયત્ન કરીએ તો બધું થઈ શકે છે.

આજના દિવસે બધા પોતાના ઘરે જાય તેને બદલે તમે મંદિરમાં પધાર્યા તેનો આનંદ છે. આવો સમાજ મળ્યો તેથી અમે ધન્ય થઈ ગયા. થોડા દિવસમાં પપ્પાજીનો સમૈયો છે. તે તો પતી જશે. પણ આપણે રોજ 'મારે નિત નવું વર્ષ સુખ, શાંતિ રહ્યાં...' તે અનુભવ કરવો છે. પપ્પાજી તમે કહ્યું છે કે, I am always with you. તમને સુખ આપી શકીએ તેવા અમારા વિચાર, વાણી, વર્તન કરીએ તેવી કૃપા કરજો.

આશીર્દાન પ.પૂ.દેવીબેન : મંગલપ્રભાતે આજે નૂતન વર્ષના સૌને ખૂબ ખૂબ અંતરથી જય સ્વામિનારાયણ.

હે પ્રભુ ! આજે નવું વર્ષ શરૂ થાય છે. અમારા સૌનો નવો જનમ. અમે ગઈગુજરી ભૂલી જઈએ અને નવા વર્ષે તમારી મૂર્તિમાં અમે સભર સભર રહીએ એવા તમે ખૂબ આશીર્વાદ આપજો બસ એ જ આપના ચરણે પ્રાર્થના. અને સૌ પર ખૂબ ખૂબ રાજી રહેજો.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : દર વર્ષે ભાઈબીજનો સમૈયો રાખીએ છીએ. યોગીજી મહારાજે અસાધારણ કૃપા કરી કે બહેનો ભગવાન ભજે તો શું ખોટું છે ? તેમ કહીને વ્રતધારી બહેનોનો વર્ગ ઊભો કર્યો. બહેનો ભગવાન ભજવા આવ્યા તે વખતે તો બહુ માયા ફૂદતી'તી. તે વખતે ભાઈઓએ માથાસાટે સેવા કરી. અને મુંબઈ મંડળે નિર્દોષબુદ્ધિએયુક્ત ખૂબ ખૂબ સેવા કરી સાથ આપ્યો. ભાઈબીજનો સમૈયો ત્યારથી આપણે શરૂ કર્યો. કાકાજી કહેતા અક્ષરધામની કેબિનેટ અહીં હાજર થઈ છે. સંતો, વ્રતધારી ભાઈઓ, વ્રતધારી બહેનો અને સમર્પિત ગૃહસ્થો સુખ, શાંતિ, આનંદથી ભગવાન ભજે અને સુખિયા સુખિયા થઈ જાય. અને અક્ષરધામની સમાધિ કદી તૂટે નહીં એવી કૃપા કરે, આશીર્વાદ આપે.

બાપાને ઈ.સ.૧૯૬૫માં રીકવેસ્ટ કરેલી કે હવે સુખે સુખે ભજીએ તેવું કરો. તો બાપાએ આ વિનંતી સ્વીકારને સુખ, શાંતિ, આનંદથી ભજીએ તેવું કરી આપ્યું. અહંતા ને મમતા મૂક્યા વગર ગુણાતીતભાવમાં રહેવાય નહીં. અઘરું લાગે કારણ કરોડ કરોડ વર્ષથી અહંતા ને મમતાએયુક્ત જીવતા આવ્યા. બાપાએ અન્યથા કર્તુમ શક્તિ વાપરીને પર કરીને ગુણાતીતભાવમાં રહેતા આખા સમાજનું સર્જન કર્યું. આજે આખો સમાજ ભેગો થયો છે. સુખ, શાંતિ, આનંદથી અક્ષરધામની સમાધિમાં રહેતા થઈ જાવ તેવી અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

પૂ.વર્ષાબેન વિસાણી (યુ.કે.) : વર્ષોથી ગુણાતીત જ્યોતમાં રક્ષાબંધન અને ભાઈબીજના સમૈયા થાય છે. આપણી હિંદુ સંસ્કૃતિમાં બેનને ભાઈની હૂંફ હોય. તે દિવ્ય સંબંધ પપ્પાજીએ કરાવી દીધો છે. બહેનોને નિશ્ચિંતતા છે. તે પપ્પાજીને લીધે છે. ભાઈઓ પણ પપ્પાજી સ્વરૂપોની પ્રસન્નતા મળશે તે ભાવથી સેવા કરે છે. પપ્પાજી યુ.કે. પધારે ત્યારે ભાઈઓ સભામાં આવે. પપ્પાજી કહેતા કે, બાપાએ મને બહેનોની સેવા સોંપી છે ને તેમાં જે સાથ આપશે તે મારા જેવા સુખિયા થશે. યુ.કે.માં દિલીપભાઈ, નરેનભાઈ, હરિશભાઈએ ખૂબ સેવા કરી, પડખે ઊભા છે. પપ્પાજી, સ્વરૂપોની કૃપાથી અત્યારે તો કેટલાય ભાઈઓની ટીમ તૈયાર થઈ ગઈ. એ બધા નાના ભાઈઓને તેમના મા-બાપે અને બેને તેવું સિંચન કર્યું. ભાઈઓ એકધારી અચલ નિર્દોષબુદ્ધિ રાખીને સેવા કરે છે. પપ્પાજી અને સ્વરૂપોને અંતરથી થેંક્સ. પપ્પાજીની વીશ હતી તે બધામાં ઉદય થાય છે. આપણે કાંઈ નથી કરતા. પપ્પાજીના બહેનોને સાચવીને સેવા કરી રહ્યાં છે તે સૌની રક્ષા પપ્પાજીએ કરી છે. પપ્પાજી ફળ આપે જ છે.

હે પપ્પાજી ! ભાઈઓ તો સેવા કરે જ છે, અપેક્ષા નથી રાખતાં. એ બધા ભાઈઓને સુખિયા કરજો ને બીમારી ના આવે તે જ અંતરની પ્રાર્થના.

પૂ.દિલીપભાઈ (યુ.કે.) : બહુ વર્ષો પહેલા બેય સમૈયા જુદા જુદા થતા. ત્યારે ભાઈઓ પર તો પપ્પાજીની કૃપા થઈ જ ગઈ. એકવાર પપ્પાજી ગુરુહરિ તરીકે સ્વીકાર થઈ જાય પછી એ કહે એ જ વિધિ બાકીનું નિષેધ તેવી રીતે રહીએ તો બધું થઈ જાય.

૧૯૮૬માં ઈંગ્લેન્ડમાં પપ્પાજી કહે એક શિબિર કરવી છે. તું કાર્યક્રમ ગોઠવી દે. ત્યારથી નિર્દોષબુદ્ધિ રાખીને સેવા કરવાની ટેવ પડાવી દીધી. ત્યારે આનંદ રાખવામાં તકલીફ પડતી હતી તે આજે મારો આનંદ જવા દેવો નથી તે શક્ય બન્યું. આવી સર્વોપરી પ્રાપ્તિ આપણને થઈ છે.

જેમ જેમ એના થઈને જીવીએ તેમ તેમ નિર્દોષબુદ્ધિ રાખવાનું, દિવ્યભાવ રાખવાનું બળ એ આપે છે.

બધા પ્રગતિ કરતાં ચૈતન્યો છીએ તેનો સૌથી વધારે ખ્યાલ પપ્પાજીને છે. એનો સંકલ્પ ચાલુ છે ને કાર્ય ચાલુ જ છે. બધાને પ્રાપ્તિનો કેફ રહે. આજે જે ઉમંગ, ભાવ છે તેવા આખું વર્ષ રહે. બાકી કાર્ય તો ચાલુ જ છે ને રહેવાનું છે.

ભાઈબીજની સભા બાદ જ્યોત મંદિર અને પ્રભુકૃપા તીર્થધામ, બ્રહ્મવિહારે અન્નકૂટ ઉત્સવમાં થાળ, આરતી કર્યા. તેમાં પધારેલા હરિભક્તોએ દર્શન લાભ માણ્યો. મહાપ્રસાદ બાદ દીપોત્સવી પર્વોની ઉજવણીનું સમાપન થયું.

Report of World Diabetic Day celebrations

November 14, 2026 is world Diabetic Day. Shree Gunatit Jyot Mahila Trust, Vallabh Vidyanagar celebrated World Diabetes Day from November 1, 2026 to November 14, 2026 by conducting quiz, audio clip and providing direct medical support. The initiative combined educational gamification with tangible healthcare delivery, featuring an online diabetic quiz, an innovative audio clip focused on diabetic nutrition, and a commitment to supply one month free anti-diabetic medications to all eligible registered participants.

Program Components & Implementation

Segment A: The Online Diabetic Quiz (for < 70 years of age)

Total Registrations: 72 participants

The initiative aimed to promote public health, drive early detection, complications, break down medical barriers & understanding the importance of routine screening for Diabetes.

Platform: Hosted via a dedicated web portal and mobile-responsive quiz platform. 37 out of 72 responded to the quiz.

Diabetic Quiz - Winners

30/30
1. Maheshbhai malaviya
2. Pushpaben Dadhaniya

29/30
1. Ankitbhai Gajjar
2. Jayshreeben Vajani
3. Manishbhai Parsania
4. Dhirubhai Kansagara
5. Seemaben Patel
6. Nitaben Patel
7. Kshamaben Nanavati
8. Hasuben Patel

28/30
1. Upendrabhai Patel
2. Dhariniben Visana
3. Laljibhai Patel

Congratulations to the winners of the Diabetic Quiz ! Your dedication to understanding diabetes, its management, and healthy living is truly commendable.

To celebrate your achievement, we are thrilled to present you with a carefully curated gift designed to support and inspire your wellness journey.

For rest of the participants -

Your dedication to health and awareness is a victory in itself.

While the above message highlights the top winners, a quiz on diabetes isn't just about the final score—it is about the vital knowledge shared, the awareness raised, and the steps we take together toward a healthier community.

By testing your knowledge and giving this quiz your absolute best effort, you have shown an admirable commitment to understanding and managing health. The energy and enthusiasm you brought to this challenge truly inspired us all.

Please accept this token of appreciation as a thank you for your participation and hard work. Remember, every piece of knowledge you gained is a tool for a healthier tomorrow.

Keep learning, keep striving, and keep taking care of yourself and those around you!

Segment B: The Audio Clip (Diabetic Diet & Nutrition) (for > 70 years of age)

Total Registrations: 22 participants

Objective: To deliver accessible nutritional education focusing on dietary habits, glycemic indexes, and portion control.

Format: Participants had to read, understand the flyer and prepare the audio clip for further assessment. None of them could send the audio clip. It went unsuccessful.

Segment C: Distribution of Anti-Diabetic Supplies

Objective: To alleviate the financial burden

of chronic disease management and encourage medication adherence.

Medication Distributed: One month of essential anti-diabetic drugs and vitamin supplements were successfully authorized for delivery to the participants.

The World Diabetes Day celebrations by Shree Gunatit Jyot Mahila Trust in future will bridge the gap between health literacy and healthcare access.

Low levels of health literacy is common and associated with processes of healthcare and important health outcomes. In diabetes, health literacy is related to diabetes knowledge, self-efficacy and self-care behaviors and glycemic control.

Managing diabetes effectively requires clear health literacy—understanding how nutrition, daily movement, and medication interact to keep your body balanced. To help everyone navigate this journey confidently, we are expanding our interactive health literacy program and hosting regular community education sessions.

These sessions will break down the complexities of blood sugar management, offer practical lifestyle tips, and create a supportive space to share experiences. Together, we can take control of our health, reduce complications, and build a stronger, healthier community.

The participants expressed their sincere gratitude to the Trust for inspiring a healthier future for everyone.

નિર્ણય

★ પ.પૂ.જસુબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
શનિવાર, તા.૫.૧૨.૨૦૨૬

★ એકાદશી :
કારતક વદ – ૧૧, શુક્રવાર, તા.૪.૧૨.૨૦૨૬

★ એકાદશી :
માગશર સુદ – ૧૧, રવિવાર, તા.૨૦.૧૨.૨૦૨૬

હાર્દિક નિમંત્રણ

જેમની દિવ્ય દ્રષ્ટિના સ્પર્શે, જેમના પ્રેમ-પ્રાર્થનાના પ્રકાશે, જેમની ચેતના જગાડતી પરાવાણીના ઉદ્‌બોધે, આપણે સહુ બ્રહ્માનંદના મહાસાગરમાં નિરંતર ભીંજાયેલા જ છીએ, એવા

ગુરુહરિ પપ્પાજી મહારાજનો
૧૧૦મો પ્રાગટ્યદિન
'શાશ્વત સંકલ્પ પર્વ'ની ઉજવણી
તા.૨૯મી નવેમ્બર, ૨૦૨૬, રવિવાર
સવારે-૯ થી ૧૨:૩૦ અને
સાંજે-૫ થી ૭:૩૦ કરીશું.

જેમના રોમેરોમમાં પ્રતિપળ પ્રત્યક્ષની પ્રાપ્તિનો પોરહાટ પ્રસરી રહ્યો છે... જેઓ 'હું છું પપ્પાજીનું કાર્ય' તે વેદવાણી સમ આતમ સંદેશનું પાન કરાવી, સંકલ્પ-ભજનથી ચૈતન્યોનું જતન કરી રહ્યાં છે એવાં

પ.પૂ.હંસાદીદીનો ૯૦મો પ્રાગટ્યદિન
'પ્રેરણા પીયૂષ પર્વ'ની ઉજવણી
તા.૩૦મી નવેમ્બર, ૨૦૨૬, સોમવાર
સવારે-૯ થી ૧૨:૩૦ કરીશું.

આ અવસરનો લાભ લેવા સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ઉત્સવ અને અલ્પાહાર, મહાપ્રસાદનું સ્થળ :
પપ્પાજી તીર્થ, ગાના-ખોગરી રોડ, જિ.આણંદ

હાર્દિક નિમંત્રણ

★ પ્રાર્થના અને સંકલ્પે આશ્રિતજનોને શ્રદ્ધા અને નિષ્ઠાના મહાસાગરમાં ઘ્હાલતા કર્યા છે એવાં ગુણાતીત સ્વરૂપ

પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી :
તા. ૬.૧૨.૨૦૨૬, રવિવાર
સવારે ૯:૩૦ થી... કરીશું.

આ અવસરનો લાભ લેવા સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત,
વલ્લભ વિદ્યાનગર
મહાપ્રસાદ બાદ વિસર્જન.









ધનતેરશ અને શારદાપૂજનની મહાપૂજા...

















પૂજન, આરતી અને કેલેન્ડરનું અનાવરણ...









જ્યોત મંદિરે પાટોત્સવ...





નૂતનવર્ષ અને ભાઈબીજની સભા..











પ્રભુકૃપા તીર્થધામે અન્નકૂટ દર્શન...



જ્યોત મંદિરે અન્નકૂટ દર્શન...



To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120

સ્વામીશ્રીજી
ગુણાતીત સમાજની જય
મુક્તાક્ષર પુરૂષોત્તમની જય
ગુણાતીત સ્વરૂપનું ભૂલકું
બની તેને યાદ કર્યા કરવું
ને કીસકા ઘરવાલી હું તેવો
કેફ રાખી જીવ્યા કરવું તે જ
પરમપદ.
ગુણાતીત સ્વરૂપમાં
અતૂટ વિશ્વાસ રાખી પડ્યા
રહે તેને સાધના સુખે સુખે
પુરી થાય. કેવળ પડ્યા રહી
પ્રાપ્તીનો કેફ રાખ્યા કરે
તે જ સાધનાની પૂર્ણાહુતી

તું ગુણાતીત....
કરવા ગુણાતીત તારું પ્રાગટય આજ
ધારી પરબ્રહ્મ તત્વને (૨) રચ્યો સમાજ
તું ગુણાતીત...
અસંગી તે સત્સંગમાં, સૌને લીધા નિશ્રામાં (૨)
દ્રષ્ટા રૂપે બેસી જીવમાં, પોલ ન ચલવે નિષ્ઠામાં (૨)
હો...અંતરયામી ! તારી આંખો
ખંખોળે દેહભાવને... તું ગુણાતીત...
એકાંતિકી સાધના તેં શીખવી સ્વવર્તને (૨)
એક પ્રભુ એના ગુલામ એ જ ધ્યેય તવ દર્શને (૨)
હો...દ્રષ્ટિમાં જે લીધા તેના
'સ્વ' ની રાખી ન રાખ તેં... તું ગુણાતીત...



નવેમ્બર-૨૦૨૬ની આજ્ઞા...



બ્રહ્મવિહાર તીર્થધામ દર્શન...

Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India